# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

## કેન્દ્રીય પ્રવેશ  સમિતિ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ સને ૨૦૧૮-૧૯ ના

## પ્રથમ વર્ષ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં  ( D.El.Ed ) ( પી.ટી.સી.)

## પ્રવેશ અંગેની જાહેરાત

રાજયમાં આવેલ એન.સી.ટી.ઇ. દ્વારા માન્યતા પ્રાપ્ત સરકારી / બિન સરકારી, અનુદાનિત, તેમજ સ્વનિર્ભર અધ્યાપન મંદિરો / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં કેન્દ્રીયકૃત પ્રવેશ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાતી/હિન્દી/ઉર્દુ/મરાઠી અને અંગ્રેજી માધ્યમના પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં બે વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઇન એપ્લીકેશન વેબસાઇટ www.ptcgujarat.org પર તા.૯/૬/૨૦૧૮ સવારના ૧૦-૦૦ કલાક થી ૧૯/૬/૨૦૧૮ (રવિવારની રજા સાથે ) રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. ઓનલાઇન ફોર્મની હાર્ડ કોપી સ્વિકાર કેન્દ્ર પર જમા કરાવી જરૂરી ફી ભરી પહોંચ મેળવી લેવાની રહેશે. નકકી કરેલ સ્વીકાર કેન્દ્રોની યાદી જિલ્લાવાર વેબસાઇટ www.ptcgujarat.org પર મુકવામાં આવેલ છે. ફોર્મ ભરવા સંબંધી અન્ય સુચનાઓ વેબસાઇટ પર મુકેલ છે. જે જોઇ ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે.

સ્વનિર્ભર સંસ્થાઓએ તેમની મેનેજમેન્ટ કવોટાની ૧૫ ટકા સીટો શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૨ના ઠરાવ મુજબ ભરવાની રહેશે. મેનેજમેન્ટ કવોટાની સીટો ભરવા અંગેની સુચનાઓ હવે પછી અલગ પત્ર તથા વેબસાઇટ પરથી જાણ કરવામા આવશે.

(૧) **પ્રવેશ માટે જરૂરી લાયકાતઃ-** ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉતર બુનિયાદી પ્રવાહમાં પ્રાયોગિક વિષય સહિતના  કુલગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે ઉર્તિણ કરેલ હોવી જોઇએ.

(૨) **પ્રવેશ માટે લઘુતમ ગુણઃ-** ઉમદવારે નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ. પરંતુ અનામત કક્ષાના ઉમેદવારો અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ.

(૩) **પ્રવેશનું માધ્યમઃ-** ઉમેદવારે જે માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરેલ હશે તે જ માધ્યમની કોલેજમાં પ્રવેશને પાત્ર રહેશે.

(૪) **વયમર્યાદાઃ-** જે ઉમેદવારો તા.૦૧/૦૭/૨૦૧૮ના રોજ ૨૪ વર્ષથી વધુ ઉમરના ન હોય તેવા તમામ ઉમેદવારો પ્રવેશપાત્ર ગણાશે અનુસૂચિત જાતિ / અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ( બક્ષીપંચના) ઉમેદવારો માટે ઉમરમાં ૫ વર્ષની છૂટછાટ રહેશે. ૩૩ વર્ષ સુધીના વિધવા બહેનો પ્રવેશને પાત્ર રહેશે.

રાજયમાં આવેલ એન.સી.ટી.ઇ. માન્યતા પ્રાપ્ત તમામ સંસ્થાઓને તથા ઉમેદવારોને પ્રવેશ સબંધી યથાપ્રસંગે જરૂરી સૂચનાઓ વેબસાઇટ પર મુકવામાં આવશે.તે વખતો-વખત જોવા વિનંતી કરવામાં આવે છે.

**નોંધઃ- એન.સી.ટી.ઇ. એકટની જોગવાઇ પ્રમાણે પી.ટી.સી.ના બદલે હવે આ અભ્યાસક્રમનું નામ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં ( D.El.Ed ) રહેશે.**

તારીખઃ-  ૬/૬/૨૦૧૮ (ડૉ.એમ. આઇ જોષી)

ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામક

ગુજરાત રાજય, ગાંધીનગર